# અમદાવાદ (ગ્રામ્ય) ના ૫ માં અધિક ચીફ જ્યુ.મેજી. સાહેબશ્રીની કોર્ટમા, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર

**ફોજદારી કેસ નં.9752-2017**
**આંક-**

**ફરિયાદીઃ** સરકારશ્રી

વિરુધ્ધ

**આરોપી :** **રસુલભાઈ નુરમોહંમદ સોની**

**<u>ગુન્હોઃ ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ૨૮૩ મુજબ</u>**

## :: ચુકાદો ::

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે ચાર્જશીટમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે આરોપીએ પોતાના હવાલા વાળુ વાહન જાહેર રોડ ઉપર ટ્રાફીકને અડચણરૂપ રાખી ગુન્હો કરેલ હોય, આરોપી વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ૨૮૩ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાની ફરિયાદ નોંધી, સાહેદોના નિવેદનો નોંધી, ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરી, આરોપીની અટક કરી અને તપાસ પૂર્ણ કરી આ અદાલતમાં ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ૨૮૩ મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨) આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ (સંહિતા) ની કલમ-૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવી. ત્યારબાદ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવી અલગથી ગુન્હા કબુલાત પુરશીસ આંક- થી આપેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે તેઓ ગરીબ વર્ગના માણસ છે જેથી તેઓને ઓછામાં ઓછો દંડ કરી ગુન્હામાંથી મુક્ત કરવા અરજ છે. સદર ગુન્હા સંબંધેની આરોપીની પ્લી આંક- થી નોંધવામાં આવેલ છે જેમાં પણ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે.

(૩) આ કેસની હકીકતોને લક્ષમાં લેતા તેમજ આરોપીએ રજૂ કરેલ કબુલાત પુરશીષ, આરોપીની આર્થિક અને સામાજિક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુન્હો અને તે ગુન્હામાં કરવામાં આવેલ સજાની જોગવાઇઓ, વગેરે પરિબળો ધ્યાને લેતાં, આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવશે અને તેને યોગ્ય દંડ કરવામાં આવશે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

આ કામના આરોપી **રસુલભાઈ નુરમોહંમદ સોની** ને ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ની કલમ-૨૫૨ અન્વયે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ-૨૮૩ મુજબનાં ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂ.૧૦૦/- (રૂપિયા એક સો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો, તેઓએ બે દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે. આરોપીના જામીન ખત અને જાત મુચરકો રદ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તારીખ-૧૪, માહે-સપ્ટેમ્બર, સને-૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ
તા.૧૪/૦૯/૨૦૧૯

૫ માં અધિક ચીફ જ્યુડી.મેજી.
અમદાવાદ(ગ્રામ્ય)મિરઝાપુર